# બહેનોને બદનામ કરતા ફોઈના દીકરાને સજા

**આરોપી** ફરિયાદીની બહેનનો દીકરો તેના બોયફ્રેન્ડથી થયો છે સહિતના ગંદા મેસેજ કરતો હતો

સુરત: સુરતમાં પારિવારિક અણબનાવમાં હોસ્પિટલ રિસેપ્શનિસ્ટનો મોબાઈલ હેક કરી, બે બહેનો વિશે અભદ્ર મેસેજ કરી તેમને બદનામ કરનાર આરોપીને કોર્ટે સજા ફટકારી છે.

કતારગામના હિતેશ રાજુ હેડાઉએ ફરિયાદી બહેનનો મોબાઈલ ફોન હેક કરી અંગત ફોટા મેળવ્યા હતા. ત્યારબાદ તેણે ફરિયાદીની બહેન વિશે ગંદા અને આપત્તિજનક મેસેજ કરીને બંને બહેનોને સામાજિક રીતે બદનામ કરી હતી. આ અંગે ૨૧ જુલાઈ ૨૦૨૩ના રોજ અમરોલી પોલીસ મથકે આઈ.ટી. એક્ટ અને ઈ.પી.કો.ની વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. જેમાં આરોપીએ ફરિયાદીની બહેન વિશે ગંભીર ચારિત્ર્યહનન કરતા મેસેજ કર્યા હોવાનો ઉલ્લેખ હતો.

આ કેસમાં સરકારી વકીલ પરવેઝ પઠાણ દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવા અને દલીલોને આધારે કોર્ટે આરોપી હિતેશને ઈ.પી.કો. કલમ-૫૦૦ (બદનક્ષી) હેઠળ તકસીરવાર ઠરાવ્યો હતો.

## સુરત એરપોર્ટ પરથી 8.60 કિલો ગાંજો ઝડપાયો

# એરપોર્ટ બન્યું ગાંજાનું હબ

**દિલ્હી**-સુરત ફ્લાઇટ મારફતે રૂ.2.80 કરોડનો હાઇડ્રોપોનિક ગાંજો લાવવામાં આવતો હતો

**ઉત્તર** પ્રદેશનો યુવક બે દિવસનાં પોલીસ રિમાન્ડ પર

સુરતઃ ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) સુરત યુનિટે આગોતરી બાતમીના આધારે ફરી એકવાર નશીલા પદાર્થોની હેરાફેરી સામે મોટી કાર્યવાહી હાથ ધરી છે. દિલ્હીથી સુરત આવેલી ફ્લાઈટમાંથી ઉત્તરપ્રદેશના સહારનપુરના વતની કમલ કિશોર લાલ નામના આરોપીને 8.600 કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજા (હાઈબ્રિડ ગાંજો) સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલા ગાંજાની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત અંદાજે રૂ.2.80 કરોડ હોવાનું DRIના સૂત્રોએ જણાવ્યું હતું.

DRI સુરત યુનિટને દિલ્હી-સુરત ફ્લાઈટ મારફતે હાઈબ્રિડ ગાંજાની હેરાફેરી થતી હોવાની ચોક્કસ માહિતી મળી હતી. તેના આધારે સુરત એરપોર્ટ પર વોચ ગોઠવવામાં આવી હતી. આજે વહેલી સવારે દિલ્હીથી આવેલી ફ્લાઈટમાંથી ઉતરેલા શંકાસ્પદ મુસાફર કમલ કિશોર લાલની તપાસ કરતાં તેની પાસેથી 8.60 કિલો હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો. ત્યારબાદ DRIએ તેને કસ્ટડીમાં લઈ વધુ પૂછપરછ શરૂ કરી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે અગાઉ બેંગકોક-સુરત આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ મારફતે હાઈબ્રિડ ગાંજાની તસ્કરી થતી હતી. જોકે આ ફ્લાઈટ હાલ બંધ હોવાથી તસ્કરો હવે દિલ્હી-સુરત ડોમેસ્ટિક ફ્લાઈટનો ઉપયોગ કરી રહ્યા હોવાનું તપાસ એજન્સીઓ માની રહી છે.

ડોમેસ્ટિક ફ્લાઈટમાં આટલી મોટી માત્રામાં નશીલા પદાર્થની હેરાફેરી સામે આવતા સુરક્ષા એજન્સીઓ પણ સતર્ક બની ગઈ છે. DRI દ્વારા આરોપીની પૂછપરછમાં દિલ્હી ખાતે આ ગાંજો કોના દ્વારા આપવામાં આવ્યો હતો તેમજ સુરતમાં તેની ડિલિવરી કોને કરવાની હતી તે દિશામાં તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. ઉપરાંત સમગ્ર રેકેટમાં અન્ય કોણ-કોણ સંડોવાયેલા છે તેની પણ માહિતી મેળવવાના પ્રયાસો હાથ ધરાયા છે.

આરોપી કમલ કિશોર લાલને રાત્રે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન DRI સુરત તરફથી એડવોકેટ ઈમરાન મલેકે રિમાન્ડની માંગણી કરતાં કોર્ટએ દલીલો ગ્રાહ્ય રાખી આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. હવે DRI દ્વારા આરોપીને સાથે રાખી સમગ્ર નશીલા પદાર્થોના નેટવર્કનો પર્દાફાશ કરવા તપાસ તેજ કરવામાં આવી છે.

# ખંડણીના કેસમાં માથાભારે શિવા દરબારની ધરપકડ

**અહીં** શાંતિથી ધંધો કરવો હોય તો રૂપિયા આપવા પડશે તેમ કહી ૧ લાખ પડાવી બીજા ૨૦ હજાર માંગતો હતો

**સોશિયલ** મીડિયા પર લાજપોર જેલની પોલ ખોલી હતી, ફરી ત્યાં જ જવું પડશે

### ચાર દિવસ પહેલા જ જેલમાંથી છૂટ્યો હતો

શિવરાજ સિંહ ઝાલા હજુ ત્રણ-ચાર દિવસ પહેલા જ લાજપોર જેલમાંથી મુક્ત થયો હતો. જેલમાંથી બહાર આવતાની સાથે જ તેણે સોશિયલ મીડિયામાં જેલ પ્રશાસન વિરુદ્ધ ઝેર ઓક્યું હતું. તેણે આક્ષેપ કર્યો હતો કે લાજપોર જેલમાં પ્રત્યેક સુવિધાના ચોક્કસ ભાવ નક્કી છે અને તે એક જેલ નહીં પણ હોસ્ટેલ જેવું વહીવટ ધરાવે છે. તેના આ નિવેદનોથી પોલીસ બેડામાં ભારે હોબાળો મચી ગયો હતો. જોકે, આ વિવાદ હજુ શાંત પડ્યો નથી ત્યાં જ ખંડણીના ગુનામાં તેની સંડોવણી બહાર આવતા તેની અસલી ઓળખ છતી થઈ ગઈ છે.

સુરતઃ લાજપોર જેલના વહીવટ સામે સોશિયલ મીડિયામાં બેફામ નિવેદનબાજી કરી જેલને 'હોસ્ટેલ' ગણાવનાર માથાભારે શિવરાજ સિંહ ઉર્ફે શિવો દરબાર ઝાલાની શાન હવે પોલીસે ઠેકાણે લાવી દીધી છે. જેલમાંથી બહાર આવતાની સાથે જ પ્રશાસન પર ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કરનાર શિવરાજ સિંહ વિરુદ્ધ સલાબતપુરા પોલીસ મથકમાં ખંડણીની ફરિયાદ નોંધાતા પોલીસે તેની ધરપકડ કરી છે.

મૂળ મહારાષ્ટ્રના ધુલિયાના વતની અને હાલ સુરતના માન દરવાજા વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય અભિષેક ઉર્ફે રોહન રાજેન્દ્ર દેવરે કાપડનો વેપાર કરે છે. જુલાઈ ૨૦૨૫ અને ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૨૬માં ભાઠેના ઉમિયા માતાના મંદિર પાસે માથાભારે શિવરાજસિંહ ઝાલા, તેનો સાથીદાર રામ ઝાલા અને અન્ય ત્રણ અજાણ્યા શખ્સોએ તેમને રસ્તામાં આંતર્યા હતા અને ચપ્પુ બતાવી ધમકી આપી હતી કે, 'જો તારે આ વિસ્તારમાં શાંતિથી કાપડનો ધંધો કરવો હોય તો અમારે હપ્તો આપવો પડશે. ગભરાયેલા વેપારીએ પ્રથમ વખત આરોપીઓને ૧ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. જોકે, આ ટોળકીની લાલચ એટલાથી સંતોષાઈ નહોતી. ફેબ્રુઆરી મહિનામાં ફરીથી આ ટોળકીએ વેપારીને ધમકાવી વધુ ૨૦ હજાર રૂપિયા પડાવી લીધા હતા. સતત માનસિક ત્રાસ અને નાણાકીય લૂંટથી કંટાળીને અંતે વેપારીએ સલાબતપુરા પોલીસનો સંપર્ક સાધ્યો હતો.પોલીસ દ્વારા ગુનો દાખલ કરી શિવરાજ સિંહની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# સુરતના પૂર્વ મેયર ડૉ. કનુભાઈ માવાણીની અંતિમ વિદાય

**ચાર** દીકરીએ કાંધ આપી પુત્રધર્મ નિભાવ્યો

સુરતઃ સુરત શહેરના પૂર્વ મેયર, પૂર્વ ધારાસભ્ય અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. કનુભાઈ માવાણીનું 8 મેના રોજ અવસાન થતાં સુરત સહિત સમગ્ર રાજ્યના શિક્ષણ અને રાજકીય જગતમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

શનિવારે જ્યારે તેમની અંતિમયાત્રા નીકળી ત્યારે અત્યંત ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. તેમની ચારેય દીકરીએ પિતાના પાર્થિવ દેહને કાંધ આપીને અંતિમ વિદાય આપી હતી અને સમાજમાં પુત્ર-પુત્રી એકસમાન હોવાનો સંદેશ પાઠવી પુત્રધર્મ નિભાવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, પૂર્વ મેયર દક્ષેશ માવાણી અને શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહીને આયુર્વેદિક ચિકિત્સા, શિક્ષણ અને વહીવટી ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન આપનાર જનસેવકને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

### સોમવારે તાપીભવન, શાળા, બોર્ડ કચેરી અને મનપાની શાળાઓ બંધ રહેશે

સ્વ. ડૉ. કનુભાઈ માવાણી, જેમણે 26 ડિસેમ્બર 2005થી 19 જૂન 2008 દરમિયાન સુરતના મેયર તરીકે સેવા આપી હતી, તેમનું શુક્રવાર, 8 મે 2026 ના રોજ દુઃખદ અવસાન થયું છે. તેમના સન્માનમાં 11 મે 2026, સોમવારના રોજ સુરત મહાનગરપાલિકાની તમામ કચેરીઓ, શાળા બોર્ડની કચેરી તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત તમામ શાળાઓ બંધ રહેશે. મહાનગરપાલિકાના કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર પરિપત્ર મુજબ, જાહેર રજા હોવા છતાં શહેરની સુરક્ષા અને સુવિધા માટેની ખાસ આવશ્યક સેવાઓ કાર્યરત રહેશે.

# ડી બીયર્સનું Q1નું ઉત્પાદન 17% વધીને 7.1 મિલિયન કેરેટ થયું

સુરતઃ ડી બીયર્સ ગ્રુપે ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરમાં રફ હીરાના ઉત્પાદનમાં ૧૭% નો વધારો નોંધાવ્યો હતો, જેનું મુખ્ય કારણ કેનેડા અને દક્ષિણ આફ્રિકામાંથી વધુ માત્રામાં હીરાનું ઉત્પાદન હતું. કેનેડામાં સૌથી તીવ્ર વૃદ્ધિ નોંધાઈ, ઉત્પાદન વધીને 1.0 મિલિયન કેરેટ થયું, જે ગાહચો કુએમાંથી આયોજિત ઓર છોડવાથી 163% વધુ હતું. દક્ષિણ આફ્રિકાનું ઉત્પાદન 53% વધીને 0.7 મિલિયન કેરેટ થયું, જેને વેનેશિયા ખાતે ભૂગર્ભમાં વધુ જથ્થા દ્વારા ટેકો મળ્યો. બોત્સ્વાના 5% વધીને 4.8 મિલિયન કેરેટ થયું, જ્યારે નામિબિયા જહાજ જાળવણીને કારણે 12% ઘટીને 0.6 મિલિયન કેરેટ થયું છે. સંયુક્ત સરેરાશ પ્રાપ્ત કિંમત 19% ઘટીને $101/કેરેટ થઈ ગઈ, જ્યારે ડી બીયર્સ ભાવ સૂચકાંક 17% ઘટ્યો, જે નબળા રફ ભાવો અને નીચા મૂલ્યના માલ તરફના વલણને પ્રતિબિંબિત કરે છે.

### રાજાપુરી કેરી પણ માર્કેટમાં ઠલવાવા લાગી



ઉનાળો શરુ થતાંની સાથે જ સુરતીઓ કેરીના આગમનની આતુરતાથી રાહ જૂએ છે. ત્યારે કેસર અને આફુસ બાદ હવે રાજાપુરી કેરી પણ માર્કેટમાં ઠલવાવવા લાગી છે. (તસવીર : સતીષ જાદવ)

# ભેસ્તાનમાં ધાબા પર બેઠેલી સગીરાની નરાધમે છેડતી કરી

**પોલીસે** હવસખોર આશિષ પાઠકની ધરપકડ કરી

**પરિવારને** જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી



સુરતઃ ભેસ્તાન વિસ્તારમાં રહેતી એક માસૂમ સગીરા સાથે તેની જ સોસાયટીમાં રહેતા નરાધમ દ્વારા છેડતી કરવામાં આવતાં ચકચાર મચી ગઈ છે. ઘરના ધાબા પર એકલી બેઠેલી સગીરાની સુરક્ષા પર સવાલ ઉઠાવતી આ ઘટનામાં ભેસ્તાન પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપી યુવકને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

ઉન-ભેસ્તાન રોડ પર સચિન જીઆઈડીસી વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં ૧૫ વર્ષીય સગીરા તેના પરિવાર સાથે રહે છે. ગતરોજ બપોરે સગીરા પોતાના ઘરના ધાબા પર એકલી બેઠી હતી. દરમિયાન તેની જ બિલ્ડિંગમાં રહેતો આશિષ અરુણ પાઠક નામનો શખ્સ ત્યાં પહોંચી ગયો હતો. ધાબા પર કોઈ ન હોવાનો લાભ ઉઠાવી આશિષે સગીરા સાથે અશ્લીલ હરકતો અને છેડતી કરવાનું શરૂ કર્યું હતું.

અચાનક બનેલી આ ઘટનાથી સગીરા ડઘાઈ ગઈ હતી. નરાધમ આશિષની હરકતોનો સગીરાએ હિંમતપૂર્વક પ્રતિકાર કર્યો હતો. સગીરાને પ્રતિકાર કરતી જોઈ આરોપી ભભૂકી ઊઠ્યો હતો અને તેણે ધમકી આપતાં કહ્યું હતું કે, જો આ વાતની જાણ કોઈને પણ કરી છે તો તને અને તારા પરિવારને જાનથી મારી નાંખીશ.' આરોપીની ધમકીથી એક ક્ષણ માટે ડરી ગયેલી સગીરા નીચે આવી ગઈ હતી, પરંતુ તેણે મૌન રહેવાને બદલે હિંમત બતાવી પરિવારજનોને પોતાની સાથે થયેલી આપવીતી વર્ણવી હતી. પોતાની લાડકી સાથે થયેલી આ હીન હરકત સાંભળી પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો. મોડું કર્યા વગર પરિવારજનો ભેસ્તાન પોલીસ મથકે પહોંચ્યા હતા અને નરાધમ આશિષ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મામલાની ગંભીરતા સમજી તુરંત ટીમો બનાવી આરોપી આશિષ અરુણ પાઠકની ધરપકડ કરી લીધી છે. પોલીસે આ મામલે પોક્સો સહિતની કડક કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચોખાની નિકાસના નામે પાલના વૃદ્ધ સાથે રૂ. 27 લાખની ઠગાઈ

**કચ્છના** બે ઠગબાજે રોકાણ પર ઊંચા નફાની લાલચ આપી હાથફેરો કર્યો

સુરતઃ પાલમાં રહેતા એક વૃદ્ધને ચોખાના એક્સપોર્ટના વ્યવસાયમાં રોકાણ કરી ટૂંકા સમયમાં મોટો નફો કમાવવાની લાલચ આપી કચ્છના બે ભેજાબાજે રૂપિયા 27 લાખની છેતરપિંડી આચરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. પીડિત વૃદ્ધે પાલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પાલમાં આવેલા નિશાલ આર્કેડ પાસે ભાગ્યરત્ન હાઈટ્સમાં રહેતા 69 વર્ષીય રાજેશકુમાર જેચંદલાલ કુરિયા નિવૃત જીવન ગાળે છે. માર્ચ 2025 દરમિયાન તેમનો સંપર્ક કચ્છના રહેવાસી કૃણાલ દિનેશભાઈ રયાણી અને રાકેશકુમાર શ્યામજી સિંહ સાથે થયો હતો. આ બંને શખ્સે રાજેશકુમારને વિશ્વાસમાં લીધા હતા કે તેઓ ચોખાના એક્સપોર્ટનો મોટો ધંધો કરે છે અને જો તેઓ તેમાં રોકાણ કરશે તો ખૂબ જ ટૂંકા ગાળામાં મબલખ નફો કમાઈ શકશે. આરોપીઓની લોભામણી વાતોમાં આવી જઈને રાજેશકુમારે ધંધામાં રોકાણ પેટે ટુકડે-ટુકડે કુલ રૂપિયા 27 લાખની માતબર રકમ આરોપીઓને સોંપી હતી. જોકે, રકમ મેળવ્યાના લાંબા સમય બાદ પણ જ્યારે કોઈ નફો ન જણાયો અને મુદ્દલ રકમ પરત માંગવામાં આવી, ત્યારે આરોપીઓએ ગલ્લાંતલ્લાં શરૂ કર્યા હતા અને અંતે સંપર્ક કાપી નાખ્યો હતો. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતા રાજેશકુમાર કુરિયાએ પાલ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે કૃણાલ રયાણી અને રાકેશકુમાર સિંહ વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# 85.68 લાખના ઠગાઇ કેસમાં કેશ એક્ઝિક્યુટિવ જેલભેગો

**પિતા-પુત્રએ** મળી કાવતરું રચ્યું હતું

**પોલીસે** 30 લાખની રોકડ રિકવર કરી, અન્ય આરોપીની શોધખોળ

સુરતઃ ઉધના વિસ્તારમાં આવેલી એક પ્રતિષ્ઠિત કેશ મેનેજમેન્ટ કંપનીમાં લાખો રૂપિયાની ઉચાપતની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. ઉધના સિલીકોન શોપર્સમાં આવેલી 'રેડીયન્ટ કેશ મેનેજમેન્ટ સર્વિસ લિમિટેડ' કંપનીમાં કેશ એક્ઝિક્યુટિવ તરીકે ફરજ બજાવતા શખ્સે પોતાના પિતા સાથે મળીને કંપનીના નાણાં ઓળવી જઈ વિશ્વાસઘાત કર્યો હતો.ઉધના પોલીસે આ મામલે ટેકનિકલ સર્વેલન્સના આધારે ગણતરીના દિવસોમાં આરોપીની ધરપકડ કરી 85.68 લાખના ઠગાઈ કેસમાં તેની પાસેથી રૂ. 30,00,000ની રોકડ રકમ રિકવર કરવામાં સફળતા મેળવી છે.

સેક્ટર-1ના એડિશનલ પોલીસ કમિશનર બલરામ મિણાએ માહિતી આપતા જણાવ્યું હતું કે ઉધના-નવસારી રોડ પર ઉધના ત્રણ રસ્તા પાસે સિલીકોન શોપર્સના બ્લોક-સીમાં રેડીયન્ટ કેશ મેનેજમેન્ટ કંપનીની બ્રાંચ આવેલી છે. આ કંપની મુખ્યત્વે બેંકો અને ઈ-કોમર્સ કંપનીઓના કેશ કલેક્શનનું કામ સંભાળે છે. ગત તા. 23/04/2026ના રોજ કંપનીના ઓડિટ દરમિયાન જાણવા મળ્યું હતું કે, એક્સિસ બેંક (ઈન્સ્ટાકાર્ટ) અને ડોઈશ બેંક (એમેઝોન)ના પાંચ સેન્ટરો પરથી મેળવેલી ક્રેડિટ કંપનીના ખાતામાં જમા કરવામાં વિલંબ થઈ રહ્યો છે. આ અંગે તપાસ કરતા ચોંકાવનારી વિગતો બહાર આવી હતી.

# મોડી રાત્રે પાલની શુભમ રેસિડેન્સીના બેઝમેન્ટમાં આગ

**એક સાથે** 24 મીટર બળીને ખાખ થયાં, પાર્કિંગમાં પાર્ક કરેલી બાઈક પણ આગની ચપેટમાં આવી ગઈ

સુરતઃ અડાજણ પાલ સ્થિત શુભમ રેસિડેન્સિના પાર્કિંગમાં શુક્રવારે મોડી રાત્રે મીટરપેટીમાં શોર્ટ સર્કિટ થવાને કારણે એક સાથે 24થી વધુ મીટર બળીને ખાખ થઈ ગયા હતા.પાલ આરટીઓની સામે શુભમ રેસિડેન્સિ હાઈરાઈઝ કોમ્પ્લેક્સમાં ગઈકાલે મોડી રાત્રે 11:30 કલાકે તેનાં પાર્કિંગમાં શોર્ટ સર્કિટ થતાં આગ ભભૂકી ઊઠી હતી.

આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. દરમિયાન બિલ્ડિંગમાં રહેતા રહીશો પણ નીચે ઉતરી આવ્યાં હતાં. શરૂઆતમાં તેમણે બિલ્ડિંગમાં રાખેલા ફાયર એક્સ્ટિંગ્યુશનની મદદથી આગને કાબૂમાં કરવાના પ્રયત્નો કર્યા હતાં, જોકે આગ પ્રસરી જતાં ફાયર કંટ્રોલને તેની જાણ કરાઈ હતી. અલગ અલગ અલગ બે ફાયર બ્રિગેડોની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર સબ ઓફિસર ભિમરાવ વાનખેડેનાં જણાવ્યા મુજબ, બેઝમેન્ટ એરીયાની મીટર પેટીના પાર્કિંગમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આગ ભડકી ઊઠી હતી. તેમની ટીમ જ્યારે સ્થળ ઉપર પહોંચી હતી ત્યારે આગે આખા બેઝમેન્ટને ચપેટમાં લઈ લીધું હતું. બિલ્ડિંગનાં સભ્યોએ તેમના વાહનો પણ પાર્ક કર્યા હતા. સૌથી પહેલા ફાયરની ટીમે સભ્યોને તેમના વાહનો ઝડપભેર હટાવી લેવાની સૂચના આપી હતી. બાદમાં ફાયરની ટીમે સતત પાણીનો મારો ચલાવી આગને અંદાજે અડધા કલાકની જહેમતે કાબૂમાં કરી લીધી હતી. જો કે એક મોટરસાઈકલ આગની લપેટમાં આવી ગઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ઈન્ડિયન બેંક સુરત ઝોનની ગોવાના આઉટરીચ કેમ્પમાં ભાગીદારી



સુરત : ઈન્ડિયન બેંકના FGMO મુંબઈ હેઠળના સુરત ઝોને મહારાષ્ટ્ર, ગુજરાત અને ગોવા વિસ્તારમાં આયોજિત મેગા RAM ડિસ્બર્સમેન્ટ અને આઉટરીચ કેમ્પમાં સક્રિય ભાગ લીધો હતો. આ અભિયાનનું આયોજન ઈન્ડિયન બેંકના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર બિનોદ કુમારની ઉપસ્થિતિમાં તથા FGMO મુંબઈના FGM પ્રણેશ કુમારના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન, FGMO મુંબઈ ક્ષેત્રે વિવિધ રિટેલ, કૃષિ અને MSME (RAM) વિભાગો હેઠળ સુરત ઝોને કુલ Rs.169 કરોડના લોન મંજૂર કર્યા હતા. સુરત ઝોને નાણાકીય વર્ષ 2026-27 દરમિયાન વ્યવસાય વૃદ્ધિ જાળવી રાખવા અને કેન્દ્રિત આઉટરીચ પહેલો દ્વારા ગ્રાહક જોડાણ વધુ મજબૂત બનાવવાની પોતાની પ્રતિબદ્ધતા પુનઃદૃઢ કરી હતી.

### સુરતના હાર્દિક માજીવાળા પી.એચડી. થયા



સુરતના માજીવાળા હાર્દિક ચંદ્રકાંતે સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (SVNIT), સુરતમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ હેઠળ પીએચ.ડી.ની ડિગ્રી સફળતાપૂર્વક પ્રાપ્ત કરી છે. તેઓ હાલમાં પી. પી. સવાણી યુનિવર્સિટીમાં ડેપ્યુટી કન્ટ્રોલર ઓફ એક્ઝામિનેશન્સ તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમનો મહાનિબંધ "A Study of Selected Issues of Circular Supply Chain Practices in an Industry 5.0 Environment" વિષય પર આધારિત હતો. આ સંશોધન કાર્ય ડો. રવિ કાંત, પ્રોફેસર, મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ, SVNIT, સુરતના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયું હતું. આ સંશોધન કાર્યમાં ડો. પંકજ ગાંધીનો પણ મહત્વપૂર્ણ સહયોગ અને માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

### સીમ્ગા અને ઉનની સિમ્બામાં AI અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓનું સન્માન

સુરત યંગ મુસ્લિમ ગ્રેજ્યુએટસ એસોસિએશન સંચાલિત સગરામપુરા તેમજ ઉન સ્થિત સિમ્બા હાઈસ્કુલના અંગ્રેજી, ઉર્દુ અને ગુજરાતી માધ્યમ દ્વારા ઉત્કૃષ્ઠ અને શ્રેષ્ઠ પરિણામ મેળવી સમગ્ર સુરત શહેર ક્ષેત્રે નામ રોશન કર્યું છે.તે બદલ શાળા સંચાલક મંડળના પ્રમુખ બખ્તિયાર એહમદ નાતાલવાલા, ઉપ-પ્રમુખ શકીલ એ. હાલાવાલા, માનદમંત્રી મઝહર એ.નાતાલવાલા,ઉપ-માનદ મંત્રી એજાઝ એ. દરજી તથા તમામ સંચાલક મંડળના સભ્યો દ્વારા AI અને A2 ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને મીઠાઈ ખવડાવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### શિવરામપુરમાં દ્વિતીય સર્વજ્ઞાતિ સમૂહલગ્ન સમારોહ યોજાયો



સુરતઃ સુરત નજીક શિવરામપુર (જૂનાગામ) મુકામે નવચેતન વિદ્યાલય ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા દ્વિતીય સર્વ જ્ઞાતિ સમૂહલગ્ન સમારોહમાં કુલ ૫૦ યુગલે પ્રભુતામાં પગલાં માંડ્યાં હતાં. આ સમૂહલગ્નમાં ચોર્યાસી તાલુકા, ઓલપાડ તાલુકા અને સુરત શહેર વિસ્તારના આર્થિક રીતે પછાત વર્ગનાં યુગલોએ ભાગ લીધો હતો. સમારોહમાં અંદાજે ૧૨ હજારથી વધુ લોકોએ હાજરી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શિવાલય ક્રિકેટ ક્લબ શિવરામપુર, સુંવાલી ગામના યુવકો, હજીરા કાંઠા વિસ્તારના આગેવાનો તેમજ હજીરા કાંઠા વિસ્તાર ટ્રક એસોસિએશનનો વિશેષ સહયોગ રહ્યો હતો. સમૂહલગ્નમાં હળપતિ સમાજનાં ચાર યુગલો પણ સામેલ થયાં હતાં. વિવિધ દાતાઓ દ્વારા મંગલસૂત્ર, ચણીયા-ચોળી, કુકર, ડીનરસેટ, બેડશીટ સહિતના કન્યાદાન આપવામાં આવ્યા હતા.

### નવચેતન વિદ્યાલયનું SSC બોર્ડમાં શત-પ્રતિશત પરિણામ

સુરતઃ સુરતના શિવરામપુર (જૂનાગામ) સ્થિત નવચેતન વિકાસ મંડળ સંચાલિત નવચેતન વિદ્યાલયે SSC બોર્ડ પરીક્ષા ૨૦૨૫-૨૬માં ૧૦૦ ટકા પરિણામ મેળવી નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. શાળાના તમામ ૫૫ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. પરિણામમાં મીતે ૮૮ ટકા સાથે પ્રથમ, રીયાએ ૮૭ ટકા સાથે દ્વિતીય તથા નિષ્ઠા, હર્ષિત અને ખુશીએ ૮૫.૮૩ ટકા સાથે તૃતીય સ્થાન મેળવ્યું છે. શાળાના ૯ વિદ્યાર્થીએ A2 ગ્રેડ અને ૧૨ વિદ્યાર્થીએ B1 ગ્રેડ પ્રાપ્ત કર્યા છે. આ સિદ્ધિ બદલ મુખ્ય ટ્રસ્ટી રમણભાઈ પટેલ, પ્રમુખ ભગુભાઈ પટેલ, મંત્રી રમેશચંદ્ર જે. પટેલ અને આચાર્ય સતીષભાઈ પટેલે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### મુંબઇમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજીની નિશ્રામાં સામૈયું યોજાયું



સુરત : ડી.એલ. એચ. પ્રાઈડ સીવીંગ ઘરઓનું અપાય છે. મારવાડી ચાલ ખાને ધીરજભાઈ અને વિનોદભાઈના ગૃશંગણે બેન્ડવાજા સાથે સામૈયુ જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ થયું હતું.પૂ. આચાર્યપ્રવર શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણી વહાવતા કહ્યું હતું કે, મૂલ્યવાન માનવભવ અને અદ્ભુત જિનશાસનની પ્રાપ્તિ થવી દુર્લભ છે. આ જીવનને અર્થ-કામની પાછળ ગુમાવી દ્વિાનું નથી. મનુષ્ય ભવ. ધર્મ અને મોક્ષ પુરુષાર્ષ આટે મળ્યો છે. પદ, પદાર્થ, પૈસા અને પ્રતિષ્ઠાની પાછળ માણાસ તનતોડ પુરુષાર્થ કરી રહ્યો છે. આરલી જ પુરુષાર્થ જો ધર્મ અને મોડેસ માટે કરવામાં આવે તો આપનો બેડો પાર થઈ જાય.

### શ્રી ત્રાગડ સોની પ્રગતિમંડળ, સુરત દ્વારા સમૂહ જનોઈ સંસ્કાર યોજાયો



સુરતઃ શ્રી ત્રાગડ સોની પ્રગતિ મંડળ, સુરત દ્વારા સમાજમાં ધાર્મિક સંસ્કારોનું જતન, સમાજમાં એકતા અને સાંસ્કૃતિક પરંપરાઓના સંવર્ધનના શુભ હેતુસર સુરત ખાતે સુરતી મોઢ વણિક વાડીમાં સમૂહ યજ્ઞોપવિત (જનોઈ) સંસ્કાર તથા મંડળની વાર્ષિક મીટિંગનો કાર્યક્રમ યોજાયો હતો. આ પવિત્ર અને ધાર્મિક પ્રસંગે ત્રાગડ સોની સમાજના કુલ ૧૨ બટુકને વૈદિક મંત્રોચ્ચાર, પૂજ્ય આચાર્યો અને બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ મુજબ યજ્ઞોપવિત (જનોઈ) સંસ્કાર અપાવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સમાજના આગેવાનો, વડીલો, યુવાનો તેમજ બહોળી સંખ્યામાં મહિલાઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી. આશરે ૧૨૦૦થી પણ વધુ જ્ઞાતિજનો તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી બટુકોને આશીર્વાદ પાઠવ્યા હતા. મંડળની વાર્ષિક મિટિંગ દરમિયાન સમાજના વિકાસલક્ષી કાર્યો, આવનારી યોજનાઓ તેમજ સમાજહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.